# શ્રી પંચોલી સેવા સમાજ મહામંડળ

Regd. : A/1822/Bharuch, Date : 30.03.2001

## -: બંધારણ :-

એ-૫૪, અંબે ગ્રીન સોસાયટી, સનાતન સ્કૂલ પાછળ,
વાલીયારોડ, અંકલેશ્વર-૩૯૩ ૦૦૧
ઇ-મેઇલ : infospssmm@gmail.com
વેબ સાઇટ : www.pancholisamaj.org

# બંધારણ

## વર્ષ ૮-૯ સપ્ટેમ્બર ૧૯૬૨ના રોજ વડોદરા અધિવેશનમાં રજુ કરવામાં આવ્યું.

## બંધારણના ઘડવૈયા

| | | | |
|---|---|---|---|
| શ્રી વિઠ્ઠલદાસ મકનદાસ ગાંધી | વ્યારા | શ્રી છગનલાલ ત્રિભોવનદાસ મિસ્ત્રી | તડકેશ્વર |
| શ્રી નવિનચંદ્ર છોટાલાલ ગજ્જર | સુરત | શ્રી છગનલાલ ઘેલાભાઇ મિસ્ત્રી | મુંબઇ |
| શ્રી ડાહ્યાભાઇ દુર્લભભાઇ મિસ્ત્રી | મુંબઇ | શ્રી અમ્રતલાલ સાકરલાલ જરીવાલા | સુરત |
| શ્રી પ્રશાંતભાઇ વિઠ્ઠલદાસ ગાંધી | વ્યારા | શ્રી અંબેલાલ ગોરધનદાસ પંચોલી | વડોદરા |
| શ્રી મણિલાલ કાળીદાસ પંચોલી | રાજપીપલા | શ્રી બાબુભાઇ મગનલાલ પંચોલી | રાજપીપલા |
| શ્રી કુંદનલાલ છગનલાલ મોદી | રાજપીપલા | શ્રી મફતભાઇ ભીખાલાલ પંચોલી | બહાદરપુર |
| શ્રી ભગવાનદાસ મકનજી મિસ્ત્રી | બારડોલી | શ્રી હિરાલાલ ભીમજીભાઇ પંચોલી | એંધલ |
| શ્રી રતિલાલ ખુશાલદાસ ગાંધી | નવાપુર | શ્રી ભીખાભાઇ ઇશ્વરલાલ પંચોલી | વડોદરા |
| શ્રીમતિ હસુમતિબેન ડાહ્યાભાઇ મિસ્ત્રી | મુંબઇ | શ્રીમતિ મધુબેન ઠાકોરલાલ મિસ્ત્રી | ચીખલી |

## સંકલન સમિતિ

| | |
|---|---|
| શ્રી અંબેલાલ ગોરધનદાસ પંચોલી | વડોદરા |
| શ્રી છગનલાલ ત્રિભોવનદાસ મિસ્ત્રી | ઓલપાડ |
| શ્રી શાંતિલાલ જમનાદાસ ગજ્જર | સુરત |

| | |
|---|---|
| શ્રી વિઠ્ઠલદાસ મકનદાસ ગાંધી વ્યારા | શ્રી છગનલાલ ત્રિભોવનદાસ મિસ્ત્રી તડકેશ્વર |
| **પ્રમુખ** | **મંત્રીશ્રી** |

**તા. ૦૧.૦૬.૨૦૦૬**

| | |
|---|---|
| ડો. મહેશભાઇ મોહનલાલ મિસ્ત્રી | અંકલેશ્વર |
| શ્રી પ્રશાંતભાઇ વિઠ્ઠલદાસ ગાંધી | વ્યારા |
| શ્રી નવિનભાઇ વિઠ્ઠલભાઇ પંચોલી | વ્યારા |
| શ્રી કિરણભાઇ મણીલાલ પંચોલી | મુંબઇ |
| શ્રી ભરતભાઇ ચંપકલાલ પંચોલી | વ્યારા |

No. : 19357 Spl. C/C/BPT 2

# નોંધણીનો દાખલો

આથી દાખલો આપવામાં આવે છે કે હેઠળ જણાવેલ સાર્વજનિક ટ્રસ્ટને સન ૧૯૫૦ના મુબઇના સાર્વજનિક ટ્રસ્ટો બાબતના (સને ૧૯૫૦ના મુંબઇના ૨૯ માં) અધિનિયમ અન્વયે ભરૂચ ખાતેની સાર્વજનિક ટ્રસ્ટ નોંધણી કચેરીમાં યોગ્ય રીતે નોંધવામાં આવ્યું છે.

સાર્વજનિક ટ્રસ્ટનું નામ : શ્રી પંચોલી સેવા સમાજ મહામંડળ, અંકલેશ્વર ભરૂચ

સાર્વજનિક ટ્રસ્ટનો રજીસ્ટર નંબર : એ/૧૮૨૨/ભરૂચ

કોને દાખલો આપ્યો : ડો. મહેશકુમાર મોહનલાલ મિસ્ત્રી
રહે. ૨૫, બ્રિજનગર, સ્ટેશનરોડ, અંકલેશ્વર

મારી સહીથી આજ તારીખ : ૩૦ માહે માર્ચ / ૨૦૦૧ને દિને આપ્યો.

સીલ
મદદનીશ ચેરીટી
કમીશ્નરશ્રી

મદદનીશ ચેરીટી
કમીશ્નરશ્રી
ભરૂચની સહી

## બંધારણ સુધારા

સુરત મુકામે તાર. : ૨૫.૦૮.૨૦૧૯ના રોજ મળેલ ખાસ સામાન્ય સભામાં મંજુર થયેલ સુધારા-વધારા સહિતનું બંધારણ, અમલમાં આવ્યું. તારીખ : ૨૮.૧૦.૨૦૧૯

## હોદ્દેદારો

| | | | |
|---|---|---|---|
| પ્રમુખ | : | એન્જી. હેમંતકુમાર છગનલાલ મિસ્ત્રી | સુરત |
| ઉપપ્રમુખ | : | શ્રી મુકેશભાઇ પરમાનંદભાઇ પંચોલી | મુંબઇ |
| આઇ.પી.પી. | : | શ્રી મનિષભાઇ મોહનલાલ પંચોલી | વ્યારા |
| મહામંત્રી | : | એન્જી. નિશીકાંત ભગવાનદાસ મિસ્ત્રી | સુરત |
| ખજાનચી | : | શ્રી ઉમેશભાઇ ભોગીલાલ પંચોલી | સુરત |
| સહમંત્રી | : | શ્રી દેવાંગભાઇ પવિણચંદ્ર પંચોલી | વડોદરા |

**શ્રી પંચોલી સેવા સમાજ મહામંડળ**

# બંધારણ

| | | |
|---|---|---|
| ૧. સંસ્થાનું નામ | : | શ્રી પંચોલી સેવા સમાજ મહામંડળ રહેશે. |
| ૨. સંસ્થાનું કાયમી સરનામું | : | એ-૫૪, અંબેગ્રીન સોસાયટી, સનાતન સ્કૂલની પાછળ, વાલીયા રોડ, અંકલેશ્વર-૩૯૩ ૦૦૧ રહેશે. |
| ૨એ. સંસ્થાનું હંગામી સરનામુ | : | જે તે સમયના પ્રમુખ/મંત્રીના ઘરનું સરનામું રહેશે. |
| ૩. સંસ્થાનું કાર્યક્ષેત્ર | : | સંસ્થાનું કાર્યક્ષેત્ર સમગ્ર ભારત રહેશે. |
| ૪. સંસ્થાના હેતુઓ | : | ૪-૧. સમગ્ર પંચોલી સમાજની સાંસ્કૃતિક, શૈક્ષણિક, નૈતિક, આર્થિક ઉન્નતિ કરવાનો તથા સમાજના સભ્યોની પ્રગતિમાં બનતી મદદ કરવાનો રહેશે.<br>૪-૨. સમગ્ર પંચોલી સમાજને કુળવણી ક્ષેત્રમાં યોગ્ય મદદ કરવી તથા જરૂરીઆતમંદ વિદ્યાર્થીઓને ઉચ્ચ શૈક્ષણિકમાં યોગ્ય પ્રોત્સાહન આપવું.<br>૪-૩. સમગ્ર પંચોલી સમાજને એકબીજાના સંપર્ક અને સંગઠનમાં લાવવાનો અને ભાઈચારો વધારવાનો રહેશે.<br>૪-૪. સમગ્ર પંચોલી સમાજની ઉન્નતિ અર્થે એક સામાયિકનું પ્રકાશન કરવું.<br>૪-૫. સમગ્ર પંચોલી સમાજના સભ્યોને વૈદકીય સારવાર માટે સહાયભુત થવા અંગે.<br>૪-૬. મરણોત્તર સહાય કરવી.<br>૪-૭. સમગ્ર પંચોલી સમાજના જ્ઞાતિજનો માટે તમામ કલ્યાણકારી પ્રવૃત્તિ કરવી.<br>૪-૮. સમગ્ર પંચોલી સમાજના હેતુપૂર્તિ કરવા માટે વિવિધ રીતે ફંડ રાઈઝીંગ કરી શકશે, ડોનેશન સ્વીકારી શકાશે, સેમિનારો, અધિવેશન તથા અન્ય કાર્યક્રમો કરી શકાશે. |
| ૫. સભ્યપદ | : | ૫-૧. આ સંસ્થાના બંધારણને માન્ય રાખતા હોય તેવા ગામની પાંચ કે તેથી વધુ વ્યકિત ભેગી થઈ એકમ બનાવી મહામંડળનું સભ્યપદ મેળવી શકશે. આ માટે દરેક એકમે પોતાના નોંધાયેલ |

તમસો મા જ્યોતિર્ગમય

જે ગામાંથી એકમની નોંધણી થયેલ હશે તે ગામમાં બીજા એકમને સભ્યપદ આપી શકશે નહી. એકમની વ્યાખ્યા એટલે પંચોલી જ્ઞાતિના પુખ્તવયના અને મુકત મતાધિકાર ધરાવતી ઓછામાં ઓછી પાંચ સભ્યોની અને સામાજિક ક્ષેત્રે સેવાના ધ્યેય સાથે અસ્તિત્વમાં આવેલ પંચોલી માટેની સંસ્થા.

૫-૨. મહામંડળના નિયત કરેલ ફોર્મ પર એકમના પ્રમુખશ્રીએ સહી કરી નકકી કર્યા મુજબની આજીવન ફી સહિત અરજી કર્યા પછી સામાન્ય સભામાં મંજુરી મળ્યેથી એકમને સભ્યપદ મળશે.

૫-૩. મહામંડળ કોઈપણ એકમના કાર્યક્ષેત્રમાં કોઈપણ પ્રકારનો હસ્તક્ષેપ કરી શકશે નહીં. પરંતુ તમામ એકમોને મહામંડળની સામાન્ય સભાએ નકકી કરેલ કે પસાર કરેલ ઠરાવ બંધનકર્તા રહેશે.

૬ સભાસદ/એકમના અધિકારો અને ફરજો :

૬-૧. દરેક સ્વીકૃત એકમ મહામંડળની કાર્યવાહીમાં બંધારણ મુજબ ભાગ લેવાનો હકક રહેશે.

૬-૨. દરેક સ્વીકૃત એકમ મહામંડળના બંધારણ માન્ય રાખી તે મુજબ વર્તવાને બંધાયેલ છે. મહામંડળની સામાન્ય સભામાં દરેક એકમ પોતાના મહામંડળમાં નોંધાયેલ સભ્ય સંખ્યાના પાંચ સભ્ય દીઠ એક કાયદેસરનું પ્રતિનિધિત્વ મોકલી શકશે. અને જરૂર પડયે તેવા સભ્ય પોતાનો વોટ આપી શકશે.

૬-૩. મહામંડળના અધિવેશન/કે અન્ય પોગ્રામમાં પંચોલી સમાજની કોઇ વ્યકિત ઠરાવેલ ફી આપી અધિવેશન કે અન્ય પોગ્રામમાં હાજરી આપી ચર્ચામાં ભાગ લઇ શકશે. વ્યવસ્થા ખર્ચની આ રકમ મહામંડળની કારોબારી સમિતિ વખતોવખત ઠરાવશે. મહામંડળના કાયદેસરના પ્રતિનિધિઓએ પણ અધિવેશન /કે અન્ય પોગ્રામમાં ઠરાવેલ ફી ખર્ચ પેટે આપવાની રહેશે.

૬-૪. કોઈપણ એકમ કે તેના સભ્ય કે સભ્યો મહામંડળને જાણ કર્યા વિના કે લેખિત સંમતિ મેળવ્યા વિના મહામંડળના નામે કોઇ કાર્ય કરી શકશે નહીં. કે મહામંડળના લોગો(પ્રતિક) ઉપયોગ કોઈપણ સ્થળે કરી શકાશે નહીં કે સોશ્યલ મીડિયામાં મહામંડળના

તમસો મા જ્યોતિર્ગમય

નામે કોઇ એકાઉન્ટ, પોસ્ટ મુકી શકાશે નહીં.

૬-૫. મહામંડળના બંધારણમાં ફેરફાર કરવાનો અધિકાર ખાસ સામાન્ય સભામાં હાજર રહેલ ૨/૩ બહુમતિને રહેશે. આવી સભામાં એજન્ડા સીવાયનું કોઇ અન્ય કાર્ય થઇ શકશે નહીં.

૬-૬. મહામંડળની સામાન્ય સભા વર્ષમાં એકવાર નકકી કરેલા સમય અને સ્થળે મળશે. તે માટે મહામંડળની કારોબારીએ તમામ વ્યવસ્થા, હિસાબો, અહેવાલ વિગેરે પૂર્ણ કરવાના રહેશે. સામાન્ય સભા મોડામાં મોડી હિસાબી વર્ષ પૂર્ણ થયાના ૬ માસ સુધીમાં બોલાવવાની રહેશ.

૬-૭. સામાન્ય સંજોગોમાં પ્રમુખશ્રીની અનઉપસ્થિતિમાં ઉપપ્રમુખ અને મહામંત્રીની અન ઉપસ્થિતિમાં સહમંત્રી તેઓનો ચાર્જ સંભાળશે.

૭ ટ્રસ્ટી મંડળ : ૭-૧. મહામંડળમાં ટ્રસ્ટીઓની સંખ્યા ઓછામાં ઓછી ૫ સભ્યો અથવા વધુમાં વધુ ૨૧ સભ્યો સામાન્ય સભામા ઠરાવે તે મુજબ રહેશે.

૭-૨. દરેક ટ્રસ્ટીઓની મુદત ૧૦ વર્ષની રહેશે. ત્યારબાદ દરેક ટ્રસ્ટી ફરજીયાત ફારેગ થશે.

૭-૩. મહામડળની સામાન્ય સભા નોંધાયેલ એકમોમાંથી બહુમતીથી ટ્રસ્ટીઓની નિમણૂંક કરી કરશે.

૭-૪. મુદત દરમ્યાન કોઇપણ ટ્રસ્ટીની જગ્યા કોઇપણ કારણોસર ખાલી પડશે તો અનીવાર્ય સંજોગોમાં મહામંડળની કારોબારી પોતાની બહુમતીથી નોંધાયેલ સભ્યોમાંથી કોઇપણ સભ્યની બાકીની મુદત માટે ટ્રસ્ટીની નિમણુંક કરી શકશે.

૭-૫. મહામંડળ વિરૂધ્ધ કાર્ય કરનાર કોઇપણ ટ્રસ્ટી અથવા સભ્ય/હોદ્દેદારો, એકમને સામાન્ય સભા ૨/૩ બહુમતિથી મહામંડળમાંથી દુર કરી શકશે, સભ્યપદ રદ કરી શકશે, અને એ માટે એકમે / સભ્ય ભરેલ ફી પરત આપવામાં આવશે નહીં.

૮ હોદ્દેદારો : ૮-૧. મહામંડળની સામાન્ય સભા નીચે મુજબના હોદ્દેદારોની નિમણૂંક કરશે. પ્રમુખ, ઉપપ્રમુખ, મહામંત્રી, સહમંત્રી, ખજાનચી

તમસો મા જ્યોતિર્ગમય

તથા સંલગ્ન સંસ્થાના હોદ્દેદારો..

૮-૨. દરેક હોદ્દેદારોની મુદત બે વર્ષની રહેશે. જેને સામાન્ય સભા વધુ બે વર્ષ માટે લંબાવી શકશે.

૯. ટ્રસ્ટી મંડળની ફરજો : ૯-૧. ટ્રસ્ટી મંડળ સામાન્ય સભાને સંયુકત રીતે જવાબદાર રહેશે.

૯-૨. ટ્રસ્ટી મંડળ/ હોદ્દેદારો / કારોબારી સભા બંધારણના નિયમમાં રહી સંસ્થાના હેતુઓ માટે સામાન્ય સભા અને ટ્રસ્ટી મંડળની મંજુરીની અપેક્ષાએ ખર્ચ કરી શકશે, મદદ/સહાય જે તે વર્ષની અંદાજીત આવકની મર્યાદામાં કરવાની રહેશે.

૧૦. પ્રમુખની ફરજો : ૧૦-૧. મહામંડળના પ્રમુખશ્રી મહામંડળની વ્યવસ્થા માટે જવાબદાર રહેશે, તથા વખતો વખત સભાનું પ્રમુખ સ્થાન લેશે.

૧૦-૨. મહામંડળના રોજબરોજના કાર્યની નોંધ રાખશે તથા તેમના પર આવેલ પત્રોના જવાબ આપશે.

૧૦-૩. દર વર્ષે સામાન્ય સભામાં વર્ષ દરમ્યાનનો કારોબાર તથા અહેવાલ સભા સમક્ષ રજુ કરવાનો રહેશે.

૧૧. ઉપ-પ્રમુખની ફરજો : ૧૧-૧. મહામંડળના પ્રમુખશ્રીને કાર્યમાં મદદ કરશે.

૧૧-૨. મહામંડળની પ્રમુખશ્રીની ગેરહાજરીમાં પ્રમુખશ્રીની તમામ જવાબદારી નીભાવશે.

૧૨. મહામંત્રીની ફરજો : ૧૨-૧. વખતો વખત મળતી સભાની ઠરાવબુક લખવાની રહેશે.

૧૨-૨. સામાન્ય સભા કે અધિવેશનમાં ચર્ચા ઉપર આવનાર સૂચનો વ્યકિત અગર એકમે વર્ષ પૂર્ણ થયે એક માસમાં મહામંડળના મહામંત્રીને મોકલવાની રહેશે, આવેલ સૂચનો ઉપરથી એજન્ડા તૈયાર કરી મહામંત્રીએ સામાન્ય સભાના ૧૫ દિવસ પહેલા દરેક એકમો ઉપર રવાના કરવાના રહેશે.

૧૩. સહમંત્રીની ફરજો : ૧૩-૧. મહામંત્રીની અન ઉપસ્થિતિમાં તેઓની જવાબદારી નીભાવશે.

૧૩-૨. મહામંત્રીના તમામ કાર્યોમાં મદદ કરશે.

| | | |
|---|---|---|
| ૧૪. ખજાનચીની ફરજો | : | ૧૪-૧. મહામંડળના તમામ નાણાંકિય વ્યવહારોના હિસાબ રાખશે, તથા હિસાબી સ્ટેટમેન્ટ બનાવી પ્રમુખશ્રીને આપવાના રહેશે.<br><br>૧૪-૨. સભ્યો તરફથી મળતી તથા મહામંડળને મળેલ દાન સ્વીકારી તેની રસીદ આપવાની રહેશે.<br><br>૧૪-૩. હિસાબી વર્ષ પુરૂ થયે મહામંડળના હિસાબો તૈયાર કરી કાયદા મુજબ જરૂરી ઓડીટ ત્રણ મહિનામાં કરવવાની જવાબદારી તેઓની રહેશે. આ માટે જરૂર પડયે સી.એ./એકાઉન્ટન્ટની મદદ લઇ શકશે. તથા વર્ષ પુરૂ થયાના ત્રણ મહિનામાં હિસાબો ઓડીટ કરવી લેવાના રહેશે. |
| ૧૫. કારોબારી સમિતિ | : | ૧૫-૧. મહામંડળની વિવિધ કામગીરીમાં મદદ માટે સામાન્ય સભામાં સંલગ્ન સંસ્થાના હોદ્દેદારો નિમવામાં આવશે જેઓ કારોબારીના સભ્યો ગણાશે, ઉપરાંત દરેક એકમોના પ્રમુખ-મંત્રી પણ મહામંડળના કારોબારીના સભ્યો ગણાશે.<br><br>૧૫-૨. કારોબારીની વર્ષમાં ઓછામાં ઓછી એક મિટિંગ બોલાવવાની રહેશે. જેને માટે દરેક સભ્યને ઓછામાં ઓછા ૮ દિવસ પહેલા પત્ર/એસ.એમ.એસ./સોશ્યલ મીડીયા/ફોન દ્વારા સ્થળ સમયની જાણ કરવાની રહેશે.<br><br>૧૫-૩. કારોબારી સામાન્ય સભાની મંજુરીની અપેક્ષાએ બહુમતીથી જરૂરી નિર્ણય લઇ શકશે.<br><br>૧૫-૪. ચર્ચા દરમ્યાન વોટીંગની જરૂર પડે અને સરખા મતો પડશે તો મહામંડળના પ્રમુખશ્રી પોતાનો એક વધારાનો કાસ્ટીંગ મત આપી રીઝલ્ટ જાહેર કરશે. |
| ૧૬. નાણાંકીય વ્યવહાર | : | મહામંડળને નામે તથા મહામંડળની સંલગ્ન સંસ્થા માટે સંસ્થા તથા મહામંડળના જોઇન્ટ નામે કોઇ પણ નેશનલાઇઝ બેન્કમાં ખાતુ ખોલાવવામાં આવશે, અને સામાન્ય સભામાં જે ઠરાવ થાય તે મુજબના હોદ્દેદારોની સહીથી બેન્કના વ્યવહારો કરવાના રહેશે, સામાન્ય સભાની મંજુરીથી બેન્ક ફિક્સ ડીપોઝીટ, મ્યુચ્યુઅલ ફંડ, એન.એસ.ડી. સીકયોર ફંડમાં રોકાણ કરી શકાશે. કોઇપણ સંજોગોમાં ત્રણથી ઓછી સહીથી કોઇ પણ ખાતુ ઓપરેટ કે નાણાંકીય વ્યવહારો કરી શકશે. |

**૧૭. નાણાંકીય વર્ષ** : મહામંડળનું નાણાંકીય વર્ષ ૧ એપ્રિલ થી ૩૧ માર્ચ અથવા સરકારશ્રીના નિયમ મુજબ જે જાહેર કરવામાં આવે તે મુજબ રહેશે.

**૧૮. સામાન્ય સભા** : ૧૮-૧. નોંધાયેલ એકમોની મળનારી સભા સામાન્ય સભા કહેવાશે, આ સભા વર્ષમાં એક વાર મળશે. આવી સભા હિસાબી વર્ષ પુરૂ થયા થી ૬. માસના અંત સુધીમાં મળશે. સામાન્ય સભામાં ગત વર્ષના હિસાબોને મંજુર કરી બહાલી આપવાની રહેશે.

૧૮-૨. સામાન્ય સભાનું કોરમ ૫૦ સભ્યોનું રહેશે. કોરમના અભાવે મુલતવી રહેલ સભા ૩૦ મિનિટ બાદ ફરી મળશે. જે કાયદેસરની ગણાશે.

૧૮-૩. સામાન્ય સભામાં ઓડીટરની નિમણુંક કરવામાં આવશે.

સામાન્ય સભાની નોટીસમાં દરેક એકમને ૧૫ દિવસ પહેલા સ્થળ, સમયની જાણકારી આપવાની રહેશે, આ જાણકારી ટપાલ, ફોન, ઈ-મેઈલ, એસ.એમ.એસ., વોટસએપ કે અન્ય સોશ્યલ મીડીયા દ્વારા આપી શકાશે.

૧૮-૪. મહામંડળની સામાન્ય સભામાં દરેક એકમ પોતાના એકમના મહામંડળમાં રજીસ્ટર થયેલ સભ્યો પૈકી ૫ સભ્ય દીઠ એક સભ્ય મોકલી શકશે.

મહામંડળની સામાન્ય સભા સર્વોચ્ચ ઓથોરીટી ગણાશે, તેના ઠરાવ વિરૂધ્ધ કોઇ પણ હોદ્દેદારો, એક કે ટ્રસ્ટીઓ કાર્ય કરી શકશે નહીં.

**૧૯. ટ્રસ્ટી મંડળની સભા** : ૧૯-૧. ટ્રસ્ટી મંડળની સભા વર્ષમાં ઓછામાં ઓછી એક વાર મળશે, જેમાં મહામંડળના પ્રમુખ તથા મંત્રી હોદ્દાની રૂએ ભાગ લેશે.

૧૯-૨. ટ્રસ્ટી મંડળની સભાની જાણકારી ૮ દિવસ પહેલા કરવાની રહેશે. જે મહામંડળની કારોબારી સાથે બોલાવી શકાશે.

૧૯-૩. ટ્રસ્ટી મંડળની સભામાં જરૂર જણાય ત્યાં મહામંડળના પ્રમુખશ્રી પોતાનો વધારાનો કાસ્ટીંગ મત આપી શકશે.

**૨૦. ખાસ સામાન્ય સભા** : ૨૦-૧. નોંધાયેલ એકમ પૈકી ૧૦ એકમો પ્રમુખશ્રીને સંયુકત લેખિત અરજી કરી ખાસ સામાન્ય સભા બોલાવવા માંગણી કરી શકશે.

૨૦-૨. જરૂર પડયે વિશિષ્ટ કાર્ય માટે મહામંડળના હોદ્દેદારો ખાસ સામાન્ય સભા બોલાવવી શકશે.

૨૦-૩. ખાસ સામાન્ય સભા માટે આવેલ અરજી ધ્યાને લઈ સભા બોલાવવી કે નહી તે તમામ નિર્ણય તે સમયના ટ્રસ્ટી મંડળ બહુમતીથી નિર્ણય લઈ સભા બોલાવશે. આ ખાસ સામાન્ય સભાની જાણ તમામ સભ્યોને ૮ દિવસ પહેલા કરવાની રહેશે. આવી સભામાં એજન્ડા સિવાયના કોઇ વધારાના કાર્ય કરી શકાશે નહીં.

૨૧. ભંડોળ : મહામંડળ દાન, બક્ષિસ, ભેટ, સભ્ય ફી, લવાજમ ફી કે અન્ય રીતે મળેલ આવક મેળવશે જે તેનું ભંડોળ કહેવાશે. અને તેનો ઉપયોગ ટ્રસ્ટના હેતુ માટે કરવામાં આવશે.

મહામંડળને કોઈપણ દાતા તરફથી મળતા બિન-શરતી દાન સ્વીકારી તેમના નામ જોગ ભંડોળ બતાવી શકશે. તથા દાન હેતુ મુજબ ફંડ વાપરવામાં આવશે. શરતીદાન સ્વીકારવામાં આવશે નહીં.

૨૨. અન્ય વિભાગ : ૨૨-૧. મહામંડળનું પ્રકાશન વિભાગ હશે જે નીચે મુજબ કાર્ય કરશે.

૨૨-૨. મહામંડળના પત્ર પ્રકાશનનું નામ પંચોલી નવયુગ રહેશે, જેનો ધ્યેય સમાજની ઉન્નતિનો રહેશે.

૨૨-૩. પ્રકાશનની વ્યવસ્થા પ્રકાશન સમિતિ દ્વારા કરવામાં આવશે જેની નિમણુંક સામાન્ય સભા કરશે.

સમિતિની મુખ્ય જવાબદારી પ્રકાશનના લખાણ અને આર્થિક મર્યાદામાં રહીને પ્રકાશન બહાર પાઠવાની રહેશે. મહામંડળની કાર્યવાહીને પ્રકાશન સમિતિના કાર્ય અંગે ખુલાસો મેળવવાનો હક્ક રહેશે.

૨૨-૪. મહામંડળની કાર્યવાહીને પ્રકાશન સમિતિનો ખુલાસો યોગ્ય ના લાગે તો સામાન્ય સભા સમક્ષ રજુ કરે અને સામાન્ય સભાનો નિર્ણય આખરી ગણાશે.

૨૨-૫. પત્ર પ્રકાશનનો ખર્ચ આવેલ દાનના વ્યાજમાંથી અને પત્ર પ્રકાશન ફંડમાંથી કરવાનો રહેશે. અને પત્ર પ્રકાશન માટે આવેલ ભેટ, જાહેરાતના નાણાં પ્રકાશન ફંડમાં જમા કરવાના રહેશે. પ્રકાશન માટે આવેલ વિશિષ્ટ ભેટ સ્વીકારી પત્ર પ્રકાશનમાં જમા

થશે. અને પ્રકાશન માટે તેનો ઉપયોગ થઇ શકશે.

૨૨-૬. મહામંડળ પોતાના હેતુઓ માટે અલગ-અલગ સંસ્થા બનાવી શકશે જે મહામંડળની સંલગ્ન સંસ્થા તરીકે કાર્ય કરશે, તથા જે તે હેતુ માટે ફંડ ઉઘરાવી શકશે અને મળેલ દાન મુજબના હેતુ માટે ખર્ચ કરવાનો રહેશે. આ સંસ્થાઓ મહામંડળની કારોબારી સભાને જવાબદાર રહેશે. જેના વ્યવહારો મહામંડળના નામે કરવાના રહેશે..

૨૩. બંધારણના સુધારા : જો કોઇ પણ સંજોગોમાં બંધારણમાં સુધારા-વધારા કરવાની જરૂરીઆત ઉપસ્થિત થાય તો મુંબઇ પબ્લીક ટ્રસ્ટ એકટ ૧૦૫૦ મુજબ ખાસ સામાન્ય સભામાં યોગ્ય ઠરાવ કરીને સુધારા વધારા કરવામાં આવશે. આવી સભામાં એજન્ડા સીવાય અન્ય કોઇ કાર્ય કરી શકાશે નહી.

ઉપર મુજબના બંધારણને તારીખ ૨૫.૦૮.૨૦૧૯ના રોજ સુરત મુકામે મળેલ ખાસ સામાન્ય સભાએ સર્વાનુમતે મંજુરી આપી. જે અમોને તથા અમારા સમાજને કબુલ મંજુર છે.

| | | | |
|---|---|---|---|
| પ્રમુખ | : | એન્જી. હેમંતકુમાર છગનલાલ મિસ્ત્રી | સુરત |
| ઉપપ્રમુખ | : | શ્રી મુકેશભાઇ પરમાનંદભાઇ પંચોલી | મુંબઇ |
| આઇ.પી.પી. | : | શ્રી મનિષભાઇ મોહનલાલ પંચોલી | વ્યારા |
| મહામંત્રી | : | એન્જી. નિશીકાંત ભગવાનદાસ મિસ્ત્રી | સુરત |
| ખજાનચી | : | શ્રી ઉમેશભાઇ ભોગીલાલ પંચોલી | સુરત |
| સહમંત્રી | : | શ્રી દેવાંગભાઇ પવિણચંદ્ર પંચોલી | વડોદરા |

**શ્રી પંચોલી સેવા સમાજ મહામંડળ**

‘‘ ડઝનો ગાઁવ, સૈંકડો સંસ્થા, હજારો સોચ હૈ..
જો જોડકર સબ કો સાથ રખે, વો સંવિધાન હૈ.. ’’

# The Constitution of pancholi Samaj

**We the people of Pancholi samaj having solemnly resolved to constitute samaj into a sovereign democretic and secure to all it’s citizens.**

## JUSTICE

**social and economic**

## LIBERTY

**of thought, expression,belief, and faith**

## EQUALITY

**of status and opportunity.**

## FRATERNITY

**assuring the dignity of indiviual and the ekams and integrity of Pancholi samaj.**

પ્રકાશક : શ્રી પંચોલી સેવા સમાજ મહામંડળ
મુદ્રક : અક્ષર પ્રિન્ટસ - અંકલેશ્વર